મોજે ગામ વેસુનાં બ્લોક/સર્વે નં. ૩૦૧ પૈકી ૮૮ વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત શહેર, તાલુકો મજુરા, મોજે ગામ વેસુનાં બ્લોક/સર્વે નં. ૩૦૧ પૈકી ૮૮ જેનું ક્ષેત્રફળ ૯૧ ચો.મીટર છે તે જમીન તથા તેના ઉપર આવેલ બાંધકામ સહીતની મીલકતનાં ૭/૧૨ માં ચાલી આવેલ માલીકે કિંમતી અવેજ બદલ હમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે અને ટુંક સમયમાં હમારા અસીલ તેઓ પાસેથી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી સદરહુ જમીન પરત્વે જો કોઈ વ્યકિત, ખાનગી સંસ્થા, બેંક કે અન્ય કોઈનો લાગ-ભાગ કે હકક-હિસ્સો, બોજો, લીઝ પેન્ડન્ટસ હોય કે કોઈ પણ જાતનો વાંધો કે તર તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત વાંધા, પુરાવા સહિત હમારા અસીલ તરફે હમોને મોકલશોજી. મુક્ત વિષેથી આ અંગે કોઈનો કોઈ પણ જાતનો વાંધો કે તકરાર નથી અને જો હોય તો તે જતો કરેલ છે, તેવું માનીને હમારા અસીલ મજકુર જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈ પણ જાતની તર-તકરાર, દર-દાવા કે વાંધા-વિરોધ ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જી-૧, હિમાંશુપાર્ક એપાર્ટમેન્ટ આરોગ્ય નગર,
ઉમરા પોલીસ સ્ટેશન પાસે, અઠવાલાઈન્સ,
સુરત. મો.નં. ૮૯૮૦૦-૫૭૬૭૪

ગૌરાંગ કે. મોદી
એડવોકેટ

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, તા. મજુરા, **મોજે ડુમસ** ના **રે.સ./બ્લોક નં. ૭૮૦/૧,** વોર્ડ : ડુમસ (બીનખેતી) સીટી સર્વે નં. **NA780/1** કે જેનું ક્ષેત્રફળ ૧૦૫૬૬ ચો.મીટર. ટી.પી.સ્કીમ નં. ૭૭ (ડુમસ-ભીમપોર-ગાવિયર), ફા.પ્લોટ નં. ૨૩૦/૨ કે જેનું કુલ ક્ષેત્રફળ ૬૩૩૮.૯૪ ચો.મી. તે પૈકી ૫૩૦૪ ચો.મી. વાળી બિનખેતીની જમીનના માલિક **VACANZA RESIDENCE LLP** ઠે. ૨૩૮, પેલેડિયમ મોલ, વેસુ, સુરત. **વતી તેના વહીવટકર્તા ભાગીદારો (૧) અંકિત સુરેન્દ્રકુમાર અગ્રવાલ તથા (૨) આગમ વિજયભાઈ વડેચા** નાએ સદરહુ જમીન પોતાની માલીકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ ટાઈટલ કલીયર તથા કોઈ પણ તકરાર વગરની હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ જમીન બાબતમાં કોઈપણ બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય તો **દિવસ-૭** માં દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી. નહિતર મુદત વિત્યે મજકુર કોઈનો હક, હિત વિ. નથી અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા કર્યા હોવાનું માનીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ,
શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ,
સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭

રાકેશ એ. વાઘવાની
એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે નીચે શીર્ષક માં જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત **પ્રવિણાભાઈ નાનજીભાઈ કેસુર** નાએ પોતાની માલિકીની હોવાનું જણાવી **જયશ્રીબેન મહેશભાઈ સોલીયા** ને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેઓએ મજકુર મિલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ હમારી કનેથી માંગેલ; મજકુર મિલકતના દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજ ગુમ થયેલ છે અને હાલ જડી આવતા નથી. સદરહુ મિલકતમાં કોઈ પણ વ્યકિત | સંસ્થા |બેંક વિગેરેનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લિયન, લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો હોય તો તેઓએ **દિન - ૭** માં તમનાં વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા. સદર મુદત વિત્યેથી અમો સદરહું મિલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપીશું. તેમજ **જયશ્રીબેન મહેશભાઈ સોલીયા** મજકુર મિલકતનો પાકો દસ્તાવેજ કરાવી લેશે અને તેઓ સદરહું મિલકત અમારા અસીલ બેંકમાં મોર્ગેજ / ગીરોમાં મૂકી ધિરાણ મેળવશે અને અમારા અસીલ બેંકનો સદરહુ મિલકત ઉપર પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહીં, જેની સંબંધિત સર્વે નોંધ લેવી.

: શિડયુલ :
: મિલકતની વિગત :

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ, સુરત સીટી (હાલ અડાજણ)નાં મોજે ગામ કોસાડના રે. સ. નં. ૪૫/૧, બ્લોક નં. ૭૨ જેનો ટી. પી. સ્કીમ નં. ૨૩ (કોસાડ), ફાયનલ પ્લોટ નં. ૨૨ પૈકી નીચેના બિનખેતીની જમીનમાં આવેજીત **"સ્ટાર રેસીડેન્સી"** મા આવેલ બિલ્ડીંગો પૈકી **બિલ્ડીંગ નં. સી મા ત્રીજા માળે આવેલ ફલેટ નં. ૩૦૨ (મંજુર પ્લાન મુજબ ફલેટ નં. ૩૦૩),** કે જેનું સુપર બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૯૪૮ ચો. ફુટ છે અને જેનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૫૧.૨૯ ચો. મી. છે. તે ફલેટવાળી મિલકત તથા તેને લાગતા વળગતા તેના અંદરના તથા બહારના તમામ હકક અધિકારો સહિત તથા સદરહું મિલકત વાળી બિલ્ડીંગની તળની જમીનમાં લાગુ પડતા પ્રમાણસરના વણવહેંચાયેલા જમીનના હિસ્સા સહીતના તથા તેને લાગુ તમામ હકકો સહિતની ફુલ્લે દરોબસ્ત.

: ખોવાય ગયેલ દસ્તાવેજની વિગત :

(૧) પૂરવણીનો વેચાણ દસ્તાવેજ નં. ૨૩૯૮૮, તા. ૨૯/૦૭/૨૦૨૨ ના રોજ નોંધાયેલપૂરવણીનો વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી.

૫૦૧, પમો માળ, અંજની કોમ્પલેક્ષ,
કૈલાશની મિઠાઈની સામે, ટીમલીયાવાડ, નાનપુરા,
સુરત. - ૩૯૫૦૦૧. મો. નં. ૯૭૧૨૯ - ૦૫૬૦૪

જીમી. ડી. માંજરાવાલા
(એડવોકેટ)

વેચાણ અંગેની જાહેર નોટીસ

ભરૂચ ડિસ્ટ્રીકટ, હાંસોટ સબ-ડિસ્ટ્રીકટનાં મોજેઃ સુણેવખુર્દનાં ખાતા નં. ૮૭૩, બ્લોક/સરવે નંબરઃ ૮૧૯/૧ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ હે. આરે. ૧-૨૪-૭૦ ચો.મી., આકાર ૯.૫૮ પૈસા વાળી જમીન (૧) મિનેષકુમાર રમેશભાઈ પટેલ તથા (૨) હસમુખભાઈ છોટુભાઈ પટેલની માલિકીની ચાલી આવેલ છે. તે જમીન હાલમાં પણ તેમનાં પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટ વ્યવસ્થામાં ચાલી આવેલ છે. તે જમીન પૈકી ઉત્તર દિશા તરફની હે. આરે. ૦-૯૫-૧૨ ચો.મી. જમીન નકરજી, નબોજી ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈનાં લાગભાગ, હકક/હિસ્સા, દર-દાવા, જપ્તી, લેણું-બોજો, સોદા-સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીત પુરાવા સહિત નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક-હિસ્સો નથી અને હોય તો તે જતા યાને વેચ કર્યા છે એમ માની લઈ હમારા અસીલ મજકુર જમીન માલિક કનેથી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. જેની આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ : ૧૦૫-૧૧૦, રાજલક્ષ્મી
કોમ્પ્લેક્ષ-બી, કંતારેશ્વર મહાદેવ મંદિર પાસે,
કતારગામ, સુરત-૩૯૫૦૦૪.
મો. નં. ૯૦ ૩૩૩૩૩ ૬૭૯

ધવલકુમાર જે. પાનશેરીયા
નિલમ પી. ઉકાણી
(એડવોકેટ)

જીલ્લો સુરત તાલુકો અડાજણના મોજે ગામ ભાઠાના રે.સ./બ્લોક નં. ૨૩૩ પૈકી, ટી.પી.સ્કીમ નં.૯૩ (પાલ-પાલનપોર-ભાઠા), એફ.પી.નં.૧૫૬ વાળી નવી તથા અવિભાજય સત્તા પ્રકારની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો સુરત તાલુકો અડાજણના મોજે ગામ ભાઠાના **બ્લોક નં. ૨૩૩ ટી.પી.સ્કીમ નં.૯૩ (પાલ-પાલનપોર-ભાઠા), એફ.પી.નં.૧૫૬** વાળી નવી તથા અવિભાજય સત્તા પ્રકારની જમીન તેના માલીકો નામે **(૧) પ્રવિણાબેન ધનસુખભાઈ (૨) કોકિલાબેન ધનસુખભાઈ નાઓએ** પોતાની પ્રત્યક્ષ માલિકી, કબજા ભોગવટાની અને બોજા રહીત સંપુર્ણ ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે કોઈ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારના લાગભાગ-હિત, દર-દાવા, ઈઝમેન્ટના હકકો યા સદર વેચાણ સામે કોઈ પણ પ્રકારનો વાંધો-વિરોધ કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૦** માં હમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર જમીનમાં કોઈના કોઈ પણ જાતના હકકો નથી કે કોઈ વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે. તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનને ખરીદ કરવાની આગળની તમામ કાર્યવાહી ચાલુ કરી પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત વીત્યે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

તા. ૨૬/૦૭/૨૦૨૬
ઓફીસ : સી-૩૦૬, ત્રીજો માળ,
સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે,
ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત.
મો.નં. ૯૮૨૫૩૭૧૬૭૧

જયેશ આર. લીમ્બાચીયા
દિવ્યેશ એચ. ભટ્ટ
એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું છે કે, ડિસ્ટ્રીકટ સુરતના, સબ-ડિસ્ટ્રીકટ પલસાણાના, મોજે ગામ : બલેશ્વર ની સીમમાં આવેલ રે.સર્વે નં. ૩૭૦/૧, ૩૭૧/૨ તથા ૩૭૧, ૩૭૩, બ્લોક નં. ૩૫૪, ૩૫૫ તથા ૩૫૬, જેનું એકત્રીકરણ થયા બાદ નવો બ્લોક નં. ૩૫૪ આપવામાં આવેલ છે જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૫-૯૧-૮૫ યાને ૫૯૧૮૫ ચો.મી. આકાર રૂા. ૭૦.૪૪ પૈસા છે તે વાળી બિનખેતી વિષયક જમીનમાં રહેણાંકના હેતુસર આયોજીત સંસ્કૃતિ ગ્રીનલેન્ડ નામની સોસાયટીમાં પાડવામા આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૦૪ ની ખુલ્લા પ્લોટ વાળી મીલકત કે જેમાં પ્લોટનું ક્ષેત્રફળ ૪૮૧.૬૬ ચો.મી. તથા લાગુ જગ્યાનું ક્ષેત્રફળ ૩૦.૬૬ ચો.મી. મળી કુલ પ્લોટનું ક્ષેત્રફળ ૫૧૨.૩૨ ચો.મી તથા રોડ, રસ્તા.સી.ઓ.પી ના ભાગે પડતા વણવહેંચાયેલ હિસ્સાનું ક્ષેત્રફળ ૧૯૩.૧૪ ચો.મી મળી કુલ્લે ક્ષેત્રફળ ૭૦૫.૪૬ ચો.મી. છે. તે પ્લોટવાળી જમીન જેમાં પ્લાન મુજબ પાસ થયેલ બાંધકામ મુજબ ૧૩૪.૮૧ ચો.મી ના બાંધકામ સહિતની મીલકતના માલિક મુખત્યાર **સુનીતા રમેશકુમાર ગુપ્તા,** રહેવાસી : ૮૮, સંતતુકારામ સોસાયટી, વિનિતા પાર્ક પાસે, સુરતનાઓ હોવાનું જણાવી મજકુર મીલકતના ટાઈટલ માર્કેટેબલ અને ચોખા હોવાનું જણાવી, તેમની પાસેથી સદરહું મીલકત મારા અસીલે વેચાણ લેવાનું નકકી કરેલ છે. જેનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને હમારા અસીલ ટુંક સમયમાં રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. આથી મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઈઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેનાં હકક હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં અમારા અસીલ વતી વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદ્દત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનાં હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઈઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેનાં હકક નથી અને હોઈ તો છોડી દીધેલ છે. તેમ ગણી હમારા અસીલ વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં જેથી નોંધ લેશો.

ઓફીસ : ૪૦૩, ચોથા માળે,
શિવેન સ્કવેર, સંજીવકુમાર ઓડીટોરીયમની
પાસે, પાલ, સુરત. મો.૮૦૦૦૮ ૮૮૨૮૨

મારી મારફત
મિલિન એસ. મોદી
તે ખરીદનારના એડવોકેટ

:: બીનખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, પલસાણા સબ-ડીસ્ટ્રીકટ ના **મોજે ગામ : વણેસા** ના **(૧) સર્વે નં.૨૦૧, બ્લોક નં.૨૧૮,** સીટી સરવે રેકર્ડ મુજબ જમીન દફતર નિરીક્ષક કચેરી : પલસાણા ના વોર્ડ : વણેસા (બીનખેતી) નાં સીટી સરવે નંબર NA218, [UPIN:GJ921243836400] શીટ નંબર NA૯૯, કે જેનું ક્ષેત્રફળ ૮૮૦૨.૦૦ ચો.મી., (૨) સર્વે નં.૨૦૦,૨૧૦, **બ્લોક નં.૨૨૦,** સીટી સરવે રેકર્ડ મુજબ જમીન દફતર નિરીક્ષક કચેરી : પલસાણા ના વોર્ડ : વણેસા (બીનખેતી) નાં સીટી સરવે નંબર NA220, [UPIN:GJ245677641099] શીટ નંબર NA૯૯, કે જેનું ક્ષેત્રફળ ૧૧૦૭૮૪.૦૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન અને (૩) સર્વે નં.૨૦૦,૨૧૦, બ્લોક નં.૨૨૦ પૈકી પોતખરાબા કે જેનું ક્ષેત્રફળ ૩૨૩૭ ચો.મી. વાળી જમીન તથા આકાશ થી નીચે પાતાળ સુધીનાં તમામ હકક, અધિકાર સહિતની તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હકકો તથા આવવા જવાના રસ્તાના સુખાધિકારના હકકો સહિત કુલ્લે દરોબસ્ત વાળી બીનખેતીની જમીન રેવન્યુ રેકર્ડે માલીક (૧) **પ્રશાંતભાઈ રમેશભાઈ,** રહે. ૩૦૨, આર્શીવાદ ફ્લેટ, આંચલ પ્લોટ, સીટી લાઈટ રોડ, એસવીઆર કોલેજ, સુરત – ૩૯૫૦૦૭ (ગુજરાત), (૨) **સાગરભાઈ રમેશભાઈ,** રહે. ૩૦૩, આર્શીવાદ બંગલો, આંચલ પ્લોટ, સીટી લાઈટ રોડ, એસવીઆર કોલેજ, સુરત – ૩૯૫૦૦૭ (ગુજરાત) માલીકી/કબજેદાર તરીકે ચાલી આવેલા હોવાનું જણાવી તથા તેઓને સદરહુ બીનખેતીની જમીન અંગે હરકોઈ રીતનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો અધિકાર હોવાનું જણાવી તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ બીનખેતીની જમીન બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો, કબજામાં, હિત-સંબંધ, સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી ખત, ગીરોખત, કોઈના રસ્તા વપરાશના ઈજમેન્ટના હકકો, અધિકાર હોય તો **દિન-૭** ની મુદતમાં દસ્તાવેજી પુરાવા સહીત લેખિત જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈનો હકકો, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હકો તેઓએ જતા કર્યા યાને વેચ કર્યા હોવાનું માની હમારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં પુર્ણ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની તર તકરાર, દર-દાવા કે વાંધા વચકાને અવકાશ રહેશે નહી. જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) પ્લોટ નં. ૧૦૧, સોમનાથ નગર
સોસાયટી, વિશ્વકર્મા વાડીની બાજુમાં,
ભટાર, સુરત-૩૯૫૦૧૭. મો. ૯૮૯૮૪૭૨૪૮૯.

રાજેન્દ્ર બી. પવાર
તે ખરીદનારના એડવોકેટ

શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટ

"ગોવિંદજી હોલ", ગુલાબવાડી, ડભોલી રોડ, સુરત. ફોન : 0261-2523124 M. 98793 77444
રજી. નં.ઈ/૨૯૫૪/સુરત. તા. ૮-૧૧-૧૯૬૦

૩૬ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી તળપદા કોળી પટેલ પ્રગતિ ટ્રસ્ટની **૩૬ મી વાર્ષિક સાધારણ સભા, રવિવાર તા.૦૨/૦૮/૨૦૨૬** ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે "ગોવિંદજી હોલ", ડભોલી રોડ, સુરત મુકામે રાખવામાં આવેલ છે. જેમાં દરેક સભાસદ ભાઈ-બહેનોએ સમયસર હાજર રહેવા વિનંતી. જે સભાસદોને વાર્ષિક અહેવાલ-હિસાબ ન મળ્યો હોય તેમણે સંસ્થાના કાર્યાલયેથી મેળવી લેવો.

૩૨ મો ઈનામ વિતરણ સમારોહ

વધુમાં **૩૨ મો પ્રોત્સાહિત ઈનામ વિતરણ સમારોહ રવિવાર તા.૨૫/૧૦/૨૦૨૬** ના રોજ બપોરે ૧.૦૦ કલાકે યોજાનાર છે. આ અંગેના ઈનામ વિતરણના ફોર્મ વાર્ષિક અહેવાલ હિસાબ સાથે મોકલી આપવામાં આવેલ છે. ફોર્મ ભરવાની છેલ્લી **તા.૨૦/૦૮/૨૦૨૬ શુક્રવાર સાંજે ૫.૦૦ સુધી છે. ત્યારબાદ આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં.**

તા.૨૬/૦૭/૨૦૨૬

અશ્વિન ટી. પટેલ
સેક્રેટરી
મો. ૯૮૨૫૩ ૫૬૦૦૭

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ ભરૂચ, સબ-ડિસ્ટ્રીકટ વાગરાના મોજે ગામઃ પાદરીયાના જુના બ્લોક/સર્વે નં.૨૦૬, નવા બ્લોક/સર્વે નં.૭૪ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.૧-૦૪-૧૦ ચો.મી., જેનો આકાર રૂા.૫.૩૦ પૈસા, જેના ખાતા નં.૩૦૨ છે, તે ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની જમીનના મુળ ખેડુત / માલિક/કબજેદાર **મકવાણા ઘનશ્યામભાઈ મંગુભાઈ** ની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુક્ત અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હક્ક-હિસ્સા, દર-દાવા, જપ્તી, અવલ-જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહિત **દિન-૭** માં તે અંગેનું સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક્ક, હિસ્સા કે લાગભાગ, દર-દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક સાથે વેચાણ અંગેનો વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

તા. ૨૫/૦૭/૨૦૨૬
ઠે. ૨૧૬, માર્વેલ પ્લાઝા, કેનાલ રોડ,
બાપા સીતારામ ચોક, મુ.કામરેજ,
તા. કામરેજ. મો. ૯૦૩૩૫ ૧૭૧૭૮

અમારી મારફત
જનકકુમાર પી. મહેતા
તે ખરીદનારનાં એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ ભરૂચ, સબ-ડિસ્ટ્રીકટ વાગરાના મોજે ગામ: પાદરીયાના જુના બ્લોક / સર્વે નં.૨૦૫, નવા બ્લોક/સર્વે નં. ૭૩ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.૦-૭૫-૪૩ ચો.મી., જેનો આકાર રૂા.૩.૬૫ પૈસા, જેના ખાતા નં. ૧૭૦ છે, તે ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકો સહિતની જમીનના મુળ ખેડુત / માલિક / કબજેદાર **મંગુભાઈ કરશનભાઈ** ની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુક્ત અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હક્ક-હિસ્સા, દર-દાવા, જપ્તી, અવલ-જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહિત **દિન-૭** માં તે અંગેનું સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક્ક, હિસ્સા કે લાગભાગ, દર-દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક સાથે વેચાણ અંગેનો વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

તા. ૨૫/૦૭/૨૦૨૬
ઠે. ૨૧૬, માર્વેલ પ્લાઝા, કેનાલ રોડ,
બાપા સીતારામ ચોક, મુ.કામરેજ,
તા. કામરેજ. મો. ૯૦૩૩૫ ૧૭૧૭૮

અમારી મારફત
જનકકુમાર પી. મહેતા
તે ખરીદનારનાં એડવોકેટ

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ મિલકતના માલિકે અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.પરંતુ તેઓ પાસેથી નીચે જણાવેલ અસલ દસ્તાવેજો ગેરવલ્લે યાને ગુમ થયેલ છે.જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહું મીલકત બાબતમાં કોઈપણ શખ્સ, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો- કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ, કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારે, લાગ, ભાગ, હક્ક, હિસ્સો, અધિકાર, લીયન, લેણા, બોજો કે દરદાવો હોય તો દિવસ-૭ માં દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી નહીતર મુદત વિત્યે મજકુર કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહિ તો અમે સદરહું મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને સદરહું મિલકત ઉપર હમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાનો નોંધ લેવી. મિલકતઃ- ડીસ્ટ્રીકટ સુરત,સબ-ડીસ્ટ્રીકટ તાલુકા કામરેજ ના મોજે નવીપારડીના રે.સર્વે નં. ૩૦૭+ ૩૦૫, બ્લોક નં. ૧૯૯, જેનું ક્ષેત્રફળ ૩૫૦૮૦ ચો.મી. વાળી બિનખેતીની જમીન પૈકી ૨૪૨૩૭.૫૦ ચો.મી. જમીનમાં પાડવામાં પ્લોટો પૈકી પ્લોટ નં. ૬૦, જેની પુર્વ-પશ્ચિમ લંબાઈમાં ૨૨.૫૦ મીટર તથા ઉત્તર દક્ષિણ પહોળાઈમાં ૧૫.૦૦ મીટર યાને જેનુ ક્ષેત્રફળ ૩૩૭.૫૦ ચો.મી. વાળી ખુલ્લી જમીન વાળી મીલકત.

હાલના માલિક :- અર્જુનભાઇ રાહભાઇ જોગરાણા, ગુમ થયેલ દસ્તાવેજો : (૧) વેચાણ દસ્તાવેજ નં.૧૨૯૧/૧૯૯૦ તથા તેની અસલ રજીસ્ટ્રેશન પાવતી(રસીદ), (૨) વેચાણ દસ્તાવેજ નં.૨૧૩/૨૦૦૬ તથા તેની અસલ રજીસ્ટ્રેશન પાવતી (રસીદ), (૧) વેચાણ દસ્તાવેજ નં.૩૪૦૫/૨૦૦૭ તથા તેની અસલ રજીસ્ટ્રેશન પાવતી(રસીદ),

તા. ૨૫/૦૭/૨૦૨૬

ભરત જે. ભરવાડ તે અર્જુનભાઇ રાહભાઇ જોગરાણાના એડવોકેટ
ઓ.નં. ૧૮૧, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચારરસ્તા, તા. કામરેજ, જી. સુરત.

(૧) મોજે ગામ રાંદેર ના રેવન્યુ સર્વે નં-૩૫૮/ પૈકી તાડવાડી વિસ્તારમાં આવેલ સાંઈ આશિષ સોસાયટી વિભાગ-૨ માં ઘર નંબર-૪૭ તથા (૨) મોજે અડાજણ ના રેવન્યુ સર્વે નં-૪૩૦/૨+૪૩૧+૪૩૨/૨ વાળી જમીન ઉપર સ્કાય લેન્ડ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલ "શિવમ એપાર્ટમેન્ટ" માં આવેલ દુકાન નંબર-૩૧૧, દુકાન નં-૩૧૨, દુકાન નં-૩૧૮ તથા દુકાન નં-૩૧૯ તથા (૩) મોજે મોર, તા.ઓલપાડ,જી. સુરતના રેવન્યુ બ્લોક નં-૧૦૬૧, ૧૦૬૨,૧૦૬૩ તથા ૧૦૬૪ થી નોંધાયેલ ખેતીની જમીન અંગે આપેલા કુલમુખત્યારનામા ના લેખો રદ કરવા બાબતની જાહેર નોટીસ.

આથી સર્વે લાગતા વળગતા ને જણાવાનું કે, અમોના અસીલ **કાંતિભાઈ દેવજીભાઈ પટેલ,** ઉ.આ.વ.૭૪,ધંધોઃ વેપાર, રહેવાસીઃ ૧